# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571
Vol. No. 59 ❖ Issue : 8 ❖ Pages : 32 ❖ March 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-



**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**
**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## ઝાલાવાડનું અણમોલ નજરાણું

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ – મુંબઈના સંચાલકો દિવંગત શ્રી અનોપચંદભાઈ શાહ, દિવંગત શ્રી રસીકભાઈ કોઠારી, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ અને વરિષ્ઠ અગ્રગણ્યોના પ્રચંડ પુરૂષાર્થથી શ્રી સંઘ અને ફાઉન્ડેશનની માલિકીની ઓફીસનું ઉદ્‌ઘાટન નક્કી થયા પ્રમાણે એપ્રીલના અંતમાં થશે. સમાજના દાનવીર દાતાઓ ઉદાત ભાવના સાથે ઉદાર દિલથી સંઘ સંચાલકો, ટ્રસ્ટીશ્રી, હોદ્દેદારો અને પ્રમુખશ્રી દિલીપભાઈના અથાગ પ્રયત્નોથી સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યુ છે. આ વહીવટી ઓફીસ બીલ્ડીંગનો આઠમો માળ સંપૂર્ણ શ્રી સંઘ અને શ્રી ફાઉન્ડેશનની સંયુક્ત માલિકીનો છે. શ્રી સંઘ – ફાઉન્ડેશનની વિવિધ સેવાકીય પ્રવત્તિઓનો વહીવટી કાર્ય થશે. જે અંધેરી ઈસ્ટ સ્ટેશનથી પાંચ મિનીટના અંતરે છે. આ ઓફીસમાં ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટના વહીવટી કાર્યોનું સંચાલન કરવામાં આવશે. આ બાબતનો દરેક દાતાઓને પત્ર દ્વારા જાણકારી આપવામાં આવશે.

**વધુ વિગતો આવતા અંકમાં આપવામાં આવશે.**

SYMBOL OF TRUST
દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા
યુનીક જવેલર્સ ™
શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી
બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦–૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# સમાજના અગ્રગણ્ય, સંઘના ભૂતપૂર્વ ટ્રસ્ટી રસીકલાલ નાગરદાસ કોઠારીની અનંતયાત્રાએ વિદાય...



શ્રી રસીકલાલ નાગરદાસ કોઠારી

ચુડા નિવાસી હાલ મુંબઈ (વરલી) સ્થિત શ્રી ઘંટાકર્ણ મહાવીરના પરમ ભક્ત એવા શ્રી રસીકલાલ નાગરદાસ કોઠારી ૮૪ વર્ષની ઉંમરે તા.૧૭–૨–૨૦૨૪ ના રોજ અનંતની યાત્રાએ ચાલ્યા ગયા. શ્રી રસીકભાઈ કોઠારીએ ૫૦ વર્ષ (૧૯૭૧–૨૦૨૩) સુધી આપણા શ્રી સંઘને સેવાઓ પ્રદાન કરી છે. તેઓ પીઢ – સંસ્કારી સેવાનો અભિગમ ધરાવતા આપણા સફળ સુકીની રહ્યા છે. તેઓ બી.ઈ. સીવીલ એન્જીનીયર હતા. ઘર અને ધંધાને નિભાવીને પોતાની નિ:સ્વાર્થ સેવા ભાવનાથી જાહેર જીવનમાં મોભાનું અને માનવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શ્રી રસીકભાઈની કોઠાસુઝ – દીર્ઘદ્રષ્ટી અને દુંરદેશી વિચારો ધરાવતા હતા. શ્રી રસિકભાઈ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘના ટ્રસ્ટી, શ્રી ઘંટાકર્ણ આસ્થા મંડળના મે. ટ્રસ્ટી, ચુડા નાગરિક મંડળના ઉપપ્રમુખ, જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડના કોષાધ્યક્ષ રહી સેવા આપેલ. તો જૈન શ્વે. કોન્ફરન્સ, લાયન્સ ક્લબ ઓફ મહાલક્ષ્મી, જૈન જાગૃતિ સેન્ટર – તારદેવ, પેડરરોડ ના ૨૫ વર્ષથી પણ વધારે પ્રમુખપદે રહી વહીવટનું સુંદર ઉદાહરણ પૂરૂ પાડેલ છે. સેવાભાવનાની તેમજ દાન આપવાની ભાવનાની ક્ષિતીજો સતત વિસ્તરી રહી કન્યા શિક્ષણ શિબિર પ્રવૃત્તિને પણ ઉમળકાથી વધાવી પ્રોત્સાહન આપી પુષ્ટ કરેલ છે.

શ્રી રસીકભાઈ માત્ર એન્જીનીયર નહોતા. ‘એ’ગ્રેડના કોન્ટ્રાક્ટર પણ હતા. મે.એમ.દેવાંગ કન્સ્ટ્રક્શન કંપની તેમની સુઝ–સમજ તેમજ પુરૂષાર્થના સુવર્ણ પ્રતીક છે.

જૈન સમાજને તેમનું રોમાંચક પ્રદાન છે. શ્રી મહુડી તીર્થનો નિયમિત યાત્રા પ્રવાસ તેમની આ આસ્થા ને તેમણે વિશાલ ફલક પર મુકી છે. ૧૯૬૫થી ચાલતા આ યાત્રા પ્રવાસમાં હજારો ભાવિકોએ શ્રી મહુડીતીર્થની યાત્રાનો લ્હાવો માણ્યો છે. શ્રી રસિકભાઈ બહોળા ધંધાવાળા હોવા છતા ધંધાની વિરાટ જવાબદારીઓમાંથી પણ સમાજ સેવા માટે અમુક સમય ફાળવતા, જરૂર હોય ત્યાં ઉમળકાથી પોતાને મળેલી લક્ષ્મીનો સદવ્યય કરતા. શ્રી રસિકભાઈએ ઝાલાવાડ ફાઉન્ડેશનમાં અનેરી સેવાઓ પ્રદાન કરેલ. શ્રી નમીનાથજી દેરાસર ઉપાશ્રયના ટ્રસ્ટીબોર્ડમાં આપણા સંઘમા પ્રતિનીધી તરીકે અણમોલ સેવા આપેલ. થોડા વર્ષો પહેલા આ ટ્રસ્ટ દ્વારા નૂતન જિનાલય ઉપાશ્રય તથા જે રહેણાંક બિલ્ડીંગ બનાવવામાં આવ્યા છે. તે બાંધકામમાં સંપૂર્ણ રસ લઈ એક યાદગાર સેવાનો રંગ લાવ્યા હતા. આપણા પાલીતાણાના યાત્રિકભવન નિર્માણમાં પણ તેમનો અનેરો ફાળો રહ્યો છે. કોઈપણ જાતનું ફંડ એકત્રિત કરવું હોુય ત્યારે પોતાનું નામ પહેલા લખાવે તેવી ઉદાત્તભાવના ધરાવતા મુંબઈ નગરીમાં નોકરીયાત વર્ગને જમવાની અગવડતા હોય તેવા માટે ટીફીન યોજના શરૂ કરાવાની પહેલ તેઓશ્રીએ કરેલ અને ઓફીસ – દુકાનકે કંપનીમાં૧૦૦ થી વધારે ટીફીનો પહોંચડાવાની વ્યવસ્થા હતી.

શ્રી રસિકભાઈના જવાથી શ્રી સંઘ સમાજ અને ઝાલાવાડની દરેક સંસ્થાઓને ન પૂરાય તેવી ખોટ પડેલ છે. માતુશ્રી સુશીલાબેન અને સુપુત્રો શ્રી મેહુલભાઈ, શ્રી દેવાંગભાઈ અને ખ્યાતિબેન સહપરિવાર જનોને આવી પડેલ આઘાતને સહન કરવાની શક્તી આપે.

અરિહંત પરમાત્માને પ્રાર્થના તેમનો આત્મા મહાવિદેહ વિચરી મોક્ષગતિ પ્રાપ્ત કરે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ ❖ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન**

**- ઝાલાવાડ બીઝનેસ ફોરમ ❖ ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વૃજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ

**રજી. ઓફીસ**

શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની, મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે, ૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**

**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**

**દામોદરવાડી :** ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :

**zalawadjainsangh@gmail.com**

Website :

**www.zalawadjainsangh.org**

# તંત્રી સ્થાનેથી....

સામાજીક સેવાના ટ્રસ્ટી, મંડળ, ફાઉન્ડેશન, ગ્રુપ કે એન.જી.ઓ.ના પદ પર વર્ષોથી સેવા આપતા એકજ હોદ્દા પર કે વિવિધ હોદ્દા પર રહી સેવા આપતા અગ્રગણ્યોએ એકજ હોદ્દા પર કેટલા વર્ષ સુધી રહેવું જોઈએ? સંસ્થામાં વિરોધ થાય, ટીકા થાય ત્યારે જ હોદ્દો છોડવો જોઈએ? ગ્રુપ, મંડળ કે ટ્રસ્ટના ઉચ્ચ સ્થાન કે હોદ્દા પર રહેલા સંસ્થાઓની કોઈ પ્રકારની પ્રવૃત્તી (*Activity*) બધુ થઈ જાય લોકો વાતો કરે, ટીકા કરે, ચર્ચાનો વિષય બને તો પણ અસર નથી થતી. ચોક્કસ ટ્રસ્ટના ઉચ્ચ સ્થાને બેસેલ વ્યક્તિની પ્રતિષ્ઠા સમાજમાં હોય પોતાના આર્થિક યોગદાન તેમ સમાજના સુખી-આર્થિક સધ્ધર પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પાસેથી ફંડ એકત્રીત કરી આપતા હોય છે. પરંતુ ચોક્કસ સમય મર્યાદા સુધીમાંજ હોદ્દો છોડી દેવો જોઈએ. જેમાં પોતાની પ્રતિષ્ઠા જળવાય રહે હોદ્દાની ગરીમા જળવાય રહે અને સંસ્થા પ્રવૃત્તી ચાલુ રહે તેવું હોવું જોઈએ. કેટલીક વ્યક્તિ અનેક સંસ્થામાં ઉચ્ચ હોદ્દા પર હોય છે અને બધી જ સંસ્થાઓને સમયથી ન્યાય આપે છે ખરા? દરેક વ્યક્તિએ તેમ ન જ વિચારવું કે હું છું તેથી જ સંસ્થા ચાલશે. આ બધીજ બાબતો ઘણી સંસ્થાઓમાં ચાલી રહ્યું છે. જે તે વિસ્તારના કાર્યકર્તા - કમિટી મેમ્બર્સ વગેરે જણાવતા હોય છે. મુ. વડીલ સ્વ. શ્રી અનોપચંદભાઈ મીટીંગોમાં, કાર્યક્રમોમાં અનેક વખત જાહેરમાં કહેતા એક ચોક્કસ ઉચ્ચ સ્થાને પદ પર પહોંચ્યા પછી આપણી પ્રતિષ્ઠા મધ્ધયાને પહોંચ્યા હોય ત્યારે પદ છોડી દેશું તો લોકોમાં માન - પ્રતિષ્ઠા - આબરૂ જળવાય રહેશે. આવું આપણે કે પ્રતિષ્ઠીત વ્યક્તિ ક્યારે વિચારશો?

(ઉપરની બાબતોમાં કોઈ સંસ્થા - ગ્રુપ - મંડળ કે ટ્રસ્ટને કેન્દ્રમાં રાખી લખવામાં આવેલ નથી. તેની નોંધ લેવા વિનંતી)

## શું વાંચશો આ અંકમાં ?

★ ધ્વજારોહણ અહેવાલ + ફોટા
★ સુધારા સાથે યાત્રિકભવન ચાર્તુમાસ પેકેજની વિગતો
★ યાત્રિકભવન બ્લોક રિનોવેશન માટે બુકીંગ બંધ રહેશે
★ મહિલા મંડળના અહેવાલ - સમાચાર
★ સમાજ અગ્રગણયોની જન્મદિવસ + લગ્નદિવસની શુભેચ્છા
★ 'કર્મની નિર્જરા કરનારી આયંબિલ તપની ઓળી'
★ બોધકથા 'ધનસાર' ★ શ્રી જીરાવાલા પાર્શ્વનાથ વિષે
★ રેલ્વેના અગત્યના નિયમો ★ સુધારો
★ મેડીક્લેઈમ પોલીસી વિષે જાણકારી



**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ**
**સંચાલિત**
**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ (યાત્રિક ભવન - પાલીતાણા)**
**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ**
**હ.: શ્રીમતી પ્રવિણાબેન પ્રવીણચંદ્ર શાહ પરિવાર**

# પંદરમી વર્ષનો ધ્વજારોહણ કાર્યક્રમ

**પાલીતાણા યાત્રિજભવન ઓગણસમી સાલગીરી**

કોઈપણ ધાર્મિક ઉત્સવમાં જ્યારે લોકોની ભાવના સાથે ઉલ્લાસ અને ઉમંગ ઉમેરાય ત્યારે તે ઉત્સવ મહોત્સવ બની જાય છે. આપણા પાલીતાણા ખાતેના યાત્રિકભવન પરિસરના નાના પણ નમણીય શ્રી જિનાલયના તૃતીય પાંચ વર્ષના લાભાર્થી પરિવાર માટે તેમના આદેશનું આ પાંચમુ વર્ષ હતું. સંવત ૨૦૮૦ના મહાસુદ - પાંચમ (૫) તા.૧૪-૨-૨૦૨૪ને ગુરૂવારના દિવસે મૂળ ધોલેરા નિવાસી હાલ બોરીવલી મુંબઈ રહેતા માતુશ્રી ચંદનબેન અરવિંદ કાંતીલાલ શાહ હ.: શ્રીમતી ડિમ્પલ કેતન શાહ સહ પરિવાર (ત્રણ પેઢી) સગા - સંબંધી સ્નેહીજનો શ્રી દેવકીનગર જૈન સંઘ - બોરીવલી (વે) મહિલા મંડળ સહિત સમાજના અગ્રગણ્ય મહાનુભાવો સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધ્વજારોહણ ઉત્શાહભેર ઉજવાયો ત્યારે સૌના હૈયે એકજ અવાજ હતો કે 'ધન્યવાદ શાહ પરિવાર'.

સામૈયાથી લઈ સંઘ ભક્તિ - બહુમાન - જમણવાર બધુ જ સમયસર અને ખૂબજ વ્યવસ્થિત રીતે કરવામાં દ્વીદિવસીય (બે દિવસના) મહોત્સવનું આયોજન શ્રીસંઘ તરફથી કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વધુ ને વધુ ભાવિકો ધ્વજારોહણમાં સહભાગી બને તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. લગભગ ૧૦૮ જેટલા ભાવિકો સાથે લાભાર્થી પરિવારના કુટુંબીજનો પધારેલ હતા. આપણા યાત્રિકભવનમાં ભાવિકોને ઉતારવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. લાભાર્થી પરિવાર તથા મુંબઈ-અમદાવાદ તથા અન્ય શહેરોમાંથી પધારેલા ભાવિકોનું ભવ્ય સામૈયુ ઢોલ-શરણાઈ અને રાસ-ગરબા સાથે કરેલ હતું.

લાભાર્થી પરિવારના માતુશ્રી ચંદનબેન અરવિંદભાઈ શાહ તથા તેમના વિવિધ શહેરોથી આવેલ સગા-સ્નેહી મિત્રો તથા સંઘના પદાધિકારીઓએ ભાવિકો અને મહેમાનોનું ભવ્ય સામૈયું ઢોલ-શરણાઈ ગીત-સંગીતના સૂર, ઢોલના તાલે રાસ-ગરબા રમતા ભાઈ-બહેનોનો ઉત્સાહ સમાતો ન હતો. સૌ ભાવિકોનું યાત્રિકભવનના પ્રવેશદ્વારે શ્રીસંઘ તરફથી તિલક કરી શ્રી સંઘપૂજન શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ વૃજલાલ તરફથી કરવામાં આવેલ.

મહોત્સવના પ્રથમ દિવસ મહાસુદ-૪, મંગળવાર તા.૧૩-૨-૨૪ના સંપૂર્ણ દિવસના ભોજનના લાભાર્થી શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ શાહ, શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ તથા શ્રીમતી શીલાબેન હેમેન્દ્રભાઈ સલોત એ લાભ લીધો હતો. ધજારોહણ લાભાર્થી પરિવાર તરફથી બરાબર ૧૨.૩૯ કલાકે (વિજય મુહુર્ત) અઢાર અભિષેક - પૂજન શરૂ કરવામાં આવેલ. સંગીતકાર શ્રી નિલેશભાઈ બારોટ તથા વિધીકાર શ્રી જયદિપભાઈના સથવારે પૂજનવિધિ આગળ વધી રહી હતી. પ.પૂ.આ.ભ.શ્રી રિંકાયશવિજયજી મ.સા.ની નિશ્રામાં અઢાર અભિષેક પૂરા થયા હતા. ત્યારબાદ ધ્વજા મસ્તક પર લઈ લાભાર્થી પરિવારના સભ્યો વાજતે-ગાજતે પૂ.આ.ભ.શ્રી રિંકાયશવિજયજી મ.સા. મંત્રોચ્ચાર સાથે વાસક્ષેપ વિધી કરેલ. રાત્રે નવ કલાકે ભાવના-ભક્તિમાં ભાવવાહી અવાજમાં ભક્તિગીતોમાં તાલીઓના તાલ આપતા કર્યા હતા. પ્રથમ દિવસના ભોજનના લાભાર્થી પરિવાર શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહનું બહુમાન શ્રીમતી ભારતીબેન અને ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદશ્રીમતી શીલાબેન હેમેન્દ્રભાઈનું બહુમાન શ્રીમતી મીતા યોગેશ વોરા અને લાભાર્થી પરિવારના બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે માતુશ્રી ચંદનબેન અરવિંદ કાંતીલાલ શાહ પરિવાર તથા જ્યેષ્ઠ બંધુ શ્રી હસમુખભાઈ કાંતીલાલ શાહનું બહુમાન અનુક્રમે સમાજરત્ન શ્રી ચીનુભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પારેખ દ્વારા કરેલ હતુ. સગા - સહધર્મી - હોદ્દેદારો કમીટી મેમ્બરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને ઉલ્લાસપૂર્વક મહોત્સવમાં જોડાયા હતા. આપણા શ્રી સંઘ તરફથી આ પ્રસંગે પધારેલ લાભાર્થી પરિવાર તેમના સગા - કુટુંબીજનો, સમાજના હોદ્દેદારો, કારોબારી સભ્યો કાર્યકર્તાઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ હતો. ધજારોહણ દિવસના સંપૂર્ણ દિવસ - નવકારશી - બપોરનું ભોજન - ચૌવિહારના લાભાર્થી માતુશ્રી ચંદનબેન અરવિંદભાઈ શાહ, હ.: શ્રીમતી ડિમ્પલ કેતન શાહ તરફથી લાભ લીધેલ હતો.

બીજા દિવસે વસંત પંચમીના શુભ દિવસે સવારે શુભ મુહૂર્તે સત્તરભેદી પૂજા શરૂ થયા બાદ આચાર્ય ભગવંતશ્રીની નિશ્રામાં સાજન-મહાજન સાથે ઢોલ - શરણાઈના નાદે લાભાર્થી પરિવારની રૂમ ઉપરથી ધજા લઈ સૌ ધજારોહણ માટે પ્રયાણ કરેલ. પૂ. આચાર્ય ભગવંત મંત્રોચ્ચાર સાથે નવમી સત્તરભેદી પૂજા દરમ્યાન વિધીકારની જરૂરી વિધીના સંગાથે જિનાલયમાં ભણાવવામાં આવી રહેલ સત્તરભેદી પૂજામાં ધ્વજારોહણની પૂજા આવતા સાથેજ હર્ષોલ્લાસ સાથે ઢોલ-શરણાઈ સંગાથે ૐ પુણ્યાહં પુણ્યાહં, ૐ પ્રિયંતામ પ્રિયંતામના નાદ સાથે ઉત્સાહ આનંદનું વાતાવરણ નિર્માણ પામ્યુ હતું. ખરેખર આવો ધર્મમય માહોલ ક્યારેક જ નિર્માણ થતો હોય છે. ત્યારબાદ પૂ.આ.ભ.શ્રી માંગલીક પ્રવચન અને પધારેલ દરેક ઉપસ્થિત રહેલ. બપોરે પ્રિતી ભોજન સાથે દરેક આરાધના - ભક્તિમય વાતાવરણમાં પૂર્ણ થયેલ. તા.૧૫-૨-૨૪, ગુરૂવારના રોજ શ્રી સિધ્ધાચલ ગિરીરાજની યાત્રા કરેલ. છેલ્લા પાંચ વર્ષ ધ્વજારોહણ માટે અગાઉથી તૈયારી માટે વિધીકાર, સંગીતકાર, મંડપ ડેકોરેટર્સ, શણગાર, ભોજન મેનુ વગેરે કાર્યો માટે મંત્રી શ્રી મુકેશભાઈ શાહનું બહુમાન સમાજરત્ન શ્રી ચીનુભાઈ શાહ તથા અરવિંદભાઈ કે. શાહ દ્વારા સર્વેનું બહુમાન કરી અનુમોદના કરવામાં આવેલ. તેજ દિવસે સ્વગૃહ તરફ દરેકે પ્રયાણ કરેલ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – સાંતાક્રુઝ

તા.૭-૨-૨૪ને બુધવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે ચાંચડ હોલમાં ઉપરોક્ત મંડળનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

સૌ પ્રથમ બધી બહેનોએ નવકાર મહામંત્રની ધૂન બોલાવી હતી. ત્યારબાદ પાંચ સ્મરણનું ઉલ્લાસ પૂર્વક પઠન કરવામાં આવેલ હતું. અને સ્તવનોની રમઝટ સભ્ય બહેનોએ બોલાવી હતી.

સ્તવનોની રમઝટ બાદ બહેનોના આગ્રહને માન આપી હાઉસી રમાડવામાં આવેલ તથા એક સુંદર રમત શ્રીમતી દિપીકાબેને રમાડી બન્ને રમતોને સભ્યોએ મન ભરીને માણી. અંતમાં અલ્પાહાર તથા કોલ્ડડ્રીંકને ન્યાય આપી સૌ સભ્યો ખુશી ખુશી છુટા પડયા.

**ગેમના વિજેતા :** શ્રીમતી પાયલબેન ગાંધી - શ્રીમતી ગીતાબેન મહેતા તથા શ્રીમતી દિપીકાબેન મણીયાર

**હાઉસીના વિજેતા :** *1st Line* શ્રીમતી મીતાબેન, *2nd Line* શ્રીમતી સુરેખાબેન શ્રોફ, *3rd Line* શ્રીમતી પાયલબેન ગાંધી.

**ફુલ હાઉસી** – શ્રીમતી ઉર્વશીબેન તથા શ્રીમતી હનીબેન ઉપરોક્ત સંપૂર્ણ કાર્યક્રમ મંડળ તરફથી યોજવામાં આવેલ હતો.

આજે સભ્યબેન શ્રીમતી કલ્પનાબેનના પતિ શ્રી ચંદ્રકાન્તભાઈ તેમજ શ્રીમતી હેમાબેન વોરાના પિતાજી શ્રી રસિકભાઈ દોશીના નિધન નિમિત્તે મૌન સાથે ૧૨ નવકાર ગણવા સાથે શ્રધ્ધાંજલી આપવામાં આવેલ.

ઉપરોક્ત મંડળનો કાર્યક્રમ તા.૨૨-૧૧-૨૩નાં રોજ બપોરના ૩.૦૦ કલાકે ચાંચડ હોલમાં યોજવામાં આવેલ.

સહુ પ્રથમ બહેનોએ નવકારમંત્રનું સ્મરણ કરી પાંચ સ્મરણનું ઉલ્લાસપૂર્વક પઠન કરેલ. ત્યારબાદ ત્રણ સરસ ગેમ રમ્યા હતા. જેમાં તીર્થના નામ, સૂત્રના ઉખાણા અને સ્તવન માટે શબ્દ આપે તેની ઉપરથી સ્તવન બોલવા ત્યારબાદ ગોટીની રમત રીંગમાં બેલેન્સ કરવી તે.

ગોટીની ગેમમાં *first* શ્રીમતી તૃપ્તિબેન, *second* શ્રીમતી પ્રતિભાબેન દોશી.

બીજી ગેમમાં શ્રીમતી તૃપ્તિબેન અને શ્રીમતી મીનાબેન ગાંધી બંન્નેને બીજું ઈનામ અને પ્રથમ ઈનામ શ્રીમતી ગીતાબેનને મળેલ.

ત્યારબાદ સહુએ સરસ મજાનો નાસ્તો કર્યો.

આજેનો પ્રોગ્રામ શ્રીમતી ઉર્વશીબેન, શ્રીમતી ગીતાબેન, શ્રીમતી વાસંતીબેન તરફથી હતો. મંડળ તેમનો ખૂભ ખૂબ આભાર માને છે. હવે પછીનો કાર્યક્રમ નક્કી થયે જણાવવામાં આવશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – મલાડ

તા.૨૭-૧-૨૪ થી ૩૧-૧-૨૪ સુધીનો કચ્છનો યાત્રા પ્રવાસ - અહો! જુઓ તો ખરા! આ મલાડના પૂજાની મંડળની બેનો કચ્છમાં જાત્રા કરવા જાય છે. તા.૨૭-૧-૨૪ના રોજ સવારે મોટા દેરાસરમાં પંચ કલ્યાણક પૂજા ભણાવી. સાંજે પાંચ વાગે બેનો બોરીવલી સ્ટેશને પહોંચ્યા. ચોવિહાર કરી ૬ વાગે કચ્છ એક્સપ્રેસમાં કચ્છ તરફ પ્રયાણ રાત્રે ટ્રેનમાં ખંજરીના તાલે ખૂબ ભાવથી ભાવના ભાવી. આજુબાજુના અજૈનો પણ ભાવનામાં જોડાયા. તા.૨૮-૧-૨૪ ગાંધીધામ ઉતર્યા. ત્યાંથી ભદ્રેશ્વર ગાડી દ્વારા પહોંચ્યા. ભદ્રેશ્વરમાં સેવાપૂજા, નવકારશી કરી વાડી તરફ પ્રયાણ કર્યું. વાડીથી ૭૨ જિનાલય, માંડવી, સાધણ, કોડગ, તેરા સુથરી, પાર્શ્વ વલ્લભ, ઈઢધામ, અંજાર, વિજય પેલેસ, સ્મૃતિ મંદિર, શિવમસ્તુ, સફેદ રણ, ભૂજ બીજા જોવા લાયક સ્થળો જોતા બહેનોને ખૂબ આનંદ થયો. શ્રીમતી મૃદુલાબેન મહેન્દ્રભાઈ શાહના લગ્ન તીથી નિમિત્તે ૭૨ જિનાલયમાં સ્નાત્રપૂજા ભણાવેલ. કંકાવટીના પ્રભાવના અને રૂા.૨૦૫ મંડળને ભેટ આપેલ. શ્રીમતી મંજુબેને હાથની રીંગ, શ્રીમતી જાગૃતિબેને પૂજાના રૂમાલ અને દરેક બેનોએ સાથે મળીને રૂા.૧૦૦ સંઘપૂજન કરેલ. બસમાં મંજુબેને નવી નવી ગેમો રમાડીને ૧-૨-૩ ઈનામ આપેલ. શ્રીમતી પ્રજ્ઞાબેન અને શ્રીમતી વૈશાલીબેને ડ્રાયફ્રૂટના પેકેટનો લાભ લીધેલ. સંપ જ્યાં હોય ત્યાં જશ હોય છે.૨૦૨૩ના સાલમાં અમારા મંડળમાંથી તપશ્ચર્યા કરેલ. (૧) શ્રીમતી મૃદુલાબેન મહેન્દ્રભાઈ શાહ (વરસીતપ) (૨) શ્રીમતી ડિમ્પલબેન બીંદેશભાઈ શાહ (વરસીતપ) (૩) શ્રીમતી જયશ્રીબેન ડી. શાહ (વરસીતપ) (૪) શ્રીમતી દર્શનાબેને અજૈન નેપાળીની દીકરી દીપ્તીને નાનપણથી ઉછેરીને ધર્મના સંસ્કાર આપ્યા. તેણે પર્યુષણ પર્વમાં અઠ્ઠાઈ તપ કરેલ. દરેક મંડળને રૂા.૧૦૦૧ ભેટ આપેલ છે. દ્રવ્યભાવથી સ્થાવર તીર્થથી જંગમ તીર્થમાં પહોંચાડી (કચ્છમાં જાત્રા કરવા ગયા તેમાં લાભ લેનાર લાભાર્થી) મંડળની બેનોના મન નાચી ઉઠ્યા છે. નવકારશીના લાભાર્થી શ્રીમતી મીનળબેન, શ્રીમતી નીનાબેન, શ્રીમતી જાગૃતિબેન, શ્રીમતી દીશાબેન. બપોરના લાભાર્થી શ્રીમતી પદમીનીબેન, શ્રીમતી જાગૃતીબેન, શ્રીમતી મંજુબેન, શ્રીમતી પ્રજ્ઞાબેન. ચોવિહારના લાભાર્થી શ્રીમતી જાગૃતીબેન (ભાઈ, બેનો), શ્રીમતી પદમીનીબેન. બેનોનો છેલ્લો પોકાર હતો આ રીતે દર વર્ષે જાત્રા કરાવશો.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - બોરીવલી

આપણા મંડળનો વાર્ષિક દિવસનો પ્રોગ્રામ મંડપેશ્વર રોડ બોરીવલી આદિનાથના દેરાસરમાં રાખેલ હતો. સુંદર મજાની પૂજા ધામધૂમથી દરેક બહેનોએ માણેલ હતી. પૂજામાં રંગબેરંગી કપડામાં બહેનો પધારેલ હતી. નવા નવા દુહાની તથા ગરબાની રમઝટ જમાવી હતી. પૂજા પૂર્ણ થયા બાદ આરતીનો લાભ શ્રીમતી પદમીનીબેન બગડીયાએ લીધો હતો. મંગળદિવાનો લાભ શ્રીમતી હીનાબેન લલીતભાઈ શાહ અને શાંતિ કળશ નો લાભ શ્રીમતી શ્વેતાબેન વોરાએ લીધો હતો. અને ત્યારબાદ નેપકીન (૩ પીસ)ની મંડળ તરફથી પ્રભાવના કરી હતી. અને સૌથી સુંદર લાભ જમણવારનો શ્રીમતી પદમીનીબેન વિનયભાઈ એ. બગડીયાએ લીધો હતો.

ઝાલાવાડ મંડળને આવેલ ભેટની યાદી : રૂા.૧૧૦૦૧/- ચિ.નિસર્ગના લગ્ન પ્રસંગે આપેલ. હ.: શ્રીમતી ચારૂબેન શાહ પૂજાના દિવસે શ્રીમતી રશ્મીબેન કીરીટભાઈના સંસારી માતુશ્રી બા મહારાજ કલ્પીતાશ્રીજીના કાળધર્મ નિમિત્તે રૂા.૫૦૦/- મંડળને ભેટ આપી હતી. રૂા.૧૦૦૧ શ્રીમતી સુરેખાબેન નલીનભાઈ અજમેરાએ આપેલ હતા.

રૂા.૫૦૦/- આપેલ બહેનોની યાદી - શ્રીમતી ઈન્દુબેન બગડીયા, શ્રીમતી વિભાબેન, શ્રીમતી કરીશ્માબેન, શ્રીમતી ચારૂબેન, શ્રીમતી હીનાબેન, શ્રીમતી હંસાબેન, શ્રીમતી યામીનીબેન, શ્રીમતી અલ્પાબેન, શ્રીમતી હેમાલીબેન, શ્રીમતી હીનાબેન, શ્રીમતી ઈલાબેન, શ્રીમતી ઈંદિરાબેન, શ્રીમતી સ્નેહલતાબેન, શ્રીમતી વાસંતીબેન વોરા, શ્રીમતી કંચનબેન, શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રીમતી પ્રતિભાબેન, શ્રીમતી ભાનુબેન, શ્રીમતી ઈંદિરાબેન, શ્રીમતી પ્રીતીબેન, શ્રીમતી ભાવિકાબેન, શ્રીમતી ઉર્મિલાબેન તરફથી ભેંટ મળેલ.

રૂા.૩૦૨/- શ્રીમતી વનમાળીબેન, શ્રીમતી લતાબેન તરફથી મળેલ.

રૂા.૨૫૧/- શ્રીમતી અવનીબેન, શ્રીમતી મીનાબેન, શ્રીમતી ભાવિકાબેન, શ્રીમતી હેતલબેન, શ્રીમતી માલતીબેન. શ્રીમતી કૈલાસબેન શાહ, શ્રીમતી છાયાબેન પરીખ, શ્રીમતી ઉષ્માબેન પરીખ, શ્રીમતી કાદમ્બરીબેન, શ્રીમતી આરતીબેન, શ્રીમતી જીજ્ઞાબેન, શ્રીમતી બીનાબેન, શ્રીમતી હંસાબેન, શ્રીમતી અંજનાબેન, શ્રીમતી મીનલબેન, શ્રીમતી ફાલ્ગુની ધ્રુવ, શ્રીમતી કોકિલાબેન, શ્રીમતી રમીલાબેન, શ્રીમતી આશાબેન, શ્રીમતી અલ્પાબેન તરફથી

રૂા.૧૦૧/- શ્રીમતી વર્ષાબેન, શ્રીમતી વીણાબેન પરીખ, શ્રીમતી મીનાબેન શાહ, શ્રીમતી જૈનીબેન આ ઉપર મુજબ મંડળને ભેટ મળેલ છે. આભાર.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - થાણા

મંડળનો ત્રીજો પ્રોગ્રામ એટલે મંડળના સભ્ય ભાવનાબેન અજયભાઈ દેસાઈના દીકરાના લગ્ન નિમિત્તે ચંદ્રપ્રભુ દેરાસરમાં પંચકલ્યાણક પૂજા ૨૨ જાન્યુઆરી, મંગળવારએ રાખેલ હતી. પૂજા પછી પ્રભાવના પણ રાખેલ હતી અને રૂા.૫૦૦/- મંડળને ભેટ આપી.

મંડળનો ચોથો પ્રોગ્રામ એટલે મ્યુઝિકલ નાઈટ, લાઈવ ઓરકેસ્ટ્રા, જુના ગીતોની રમઝટ મુલુંડ કાલિદાસ નાટ્યગૃહમાં ૮ ફેબ્રુઆરી, ગુરૂવારના રાખેલ હતી.

મંડળનો પાંચમો પ્રોગ્રામ રોયલ ગાર્ડન રિસોર્ટમાં પિકનિક ૯ ફેબ્રુઆરીએ શુક્રવારના દિવસે રાખેલ હતી. બસની વ્યવસ્થા સાથે કાસરવડવલીએ લોઢાધામમાં દર્શન, વંદન કરી રિસોર્ટ પહોંચ્યા.

ચંદ્રપ્રભુ દેરાસરમાં તપોગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી પુણ્યપાલસુરીશ્વરજી મહારાજ સાહેબના પ્રવેશ નિમિત્તે મહિલા મંડળ તરફથી પ્રભાવના રાખેલ હતી. સ્મિતાબેન કિરીટભાઈ મહેતા તરફથી એમના ભગવાન શંખેશ્વર પાર્શ્વનાથની વર્ષગાંઠ નિમિત્તે મંડળને રૂા.૫૦૦/- ભેટ આપેલ છે.

તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪, મહા સુદ - ૧૩ના ગુરૂવારે ચંદ્રપ્રભુ દેરાસરમાં જયશ્રીબેન અરૂણભાઈ શાહના લગ્ન દિવસ નિમિત્તે સમૂહ સામાયિક રાખેલ હતી અને મંડળને રૂા.૧૦૦૦/- ભેટ આપી અને પ્રભાવના પણ રાખેલ હતી.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - ઘાટકોપર

શ્રી ઘાટકોપર ઝાલાવાડ મહિલા મંડળ તરફથી એક યાત્રા પ્રવાસ તીથલ તથા ધરમપુર મુકામે તા.૧૧ તથા ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના કરવામાં આવેલ સારી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. અને ખૂબજ મઝા માણી હતી. આપણા મંડળના આગામી પ્રોગ્રામ વાર્ષિક દિવસ નિમિત્તે ફાગણ વદ પાંચમને શનિવાર તા.૩૦-૩-૨૦૨૪ના રોજ ચેંબુર મુકામે સવારના ૧૦ વાગ્યે પંચકલ્યાણકની પૂજાનો રાખાવામાં આવેલ છે. પૂજાના કાયમી દાતા શ્રીમતી સરોજબેન ચીનુભાઈ વાડીલાલ તરફથી પૂજા ભણાવાશે. બેનોએ પૂજાના ઉપકરણો સાથે લઈ આવવા તથા બધા બેનોએ ટાઈમસર આવી જવા વિનંતી. પૂજા બાદ મીષ્ઠ ભોજન પણ રાખવામાં આવેલ છે.

## -: આભાર :-

પરા મંડળો, મહિલા મંડળો અને યુવા મંડળો દ્વારા સમૂહલગ્ન કરિયાવર ભેટમાં આપેલ રકમ અને ભેટ - વસ્તુ માટે શ્રી સંઘ આભાર માને છે. જે મંડળોની રકમ બાકી હોય તે મોકલી આપવા વિનંતી

## કર્મની નિર્જરા કરનારી આયંબિલ તપની ઓળી

જૈનશાસનમાં આસો અને ચૈત્ર મહિનામાં આયંબિલની ઓળીની અખંડ મહિમા છે. આ ઓળીના દિવસોમાં હજારો પુણ્યાત્માઓ નવ-નવ દિવસની આયંબિલની ઓળીની સાથે નવપદજીની વિધિપૂર્વકની આરાધના કરીને પોતાના જીવનનું શ્રેય સાધે છે. આ આયંબિલ ઓળીની આરાધના કરનારા પુણ્યાત્માઓએ જિનપૂજા, દેવવંદન, પડિલેહણ, ગુરૂવંદના, સામાયિક, પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયાઆ કરવાની હોય છે. સાથોસાથ ઓળીના આ નવ દિવસોમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુદર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવપદમાંથી રોજેરોજ એક-એક પદની આરાધના, નિશઐચિત કરેલા ખમાસમણા, લોગસ્સના કાઉસગ્ગ, એ પદના જાપ, નવકારવાળી, સાથિયા વગેરેની વિધિ પણ કરવાની હોય છે.

આયંબિલની તપશ્ચર્યા એટલે રસત્યાગની તપશ્ચર્યા, રસત્યાગ એટલે સ્વાદનો ત્યાગ અર્થાત્ લુખ્ખો આહાર, રસેન્દ્રિય પર સંયમ મેળવ્યા વિના રસત્યાગ કરવો સહેલો નથી. આયંબિલ કરનારે દિવસમાં ફક્ત એક જ વાર એક જ આસન પર બેસીને ઘી, તેલ, ખાંડ, ગોળ ઈત્યાદિ પદાર્થો વિના સ્વાદેન્દ્રિયને તોફાની બનાવનાર ચટાકેદાર મસાલા વિનાનો લુખ્ખો આહાર લેવાનો હોય છે. એક દૃષ્ટિએ આયંબિલ કરતાં ઉપવાસ કરવો સહેલો અને સરળ છે. કારણ કે આયંબિલમાં તદ્દન લુખ્ખું ભોજન, ન ભાવતું ભોજન કરવાનું હોય છે. પરંતુ આયંબિલ કરવાની ઘરડથી સ્વાદેન્દ્રિય પર એક અસાધારણ કાબૂ મેળવી શકાય છે. આરાધકો માટે એ ઘણી મોટી ફળશ્રુતિ ગણી શકાય.

કર્મની નિર્જરા કરે, કર્મનો નાશ કરે એને જૈન શાસ્ત્રકારોના મતે તપશ્ચર્યા કહે છે. અનાદિકાળથી આત્મા અને કર્મના સંયોગો છે. જ્યાં સુધી એને જન્મ, જીવન અને મૃત્યુનાં દુઃખો ભોગવવાના જ રહે છે. જે જીવ મોક્ષપદનો ઈચ્છુક છે એણે પોતાના જીવનમાં સૌપ્રથમ તપશ્ચર્યાને સ્થાન આપવું આવશ્યક છે. જૈન શાસ્ત્રોમાં તપશ્ચર્યાના બે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે : (૧) બાહ્ય તપ અને (૨) આભ્યંતર તપ, જે તપ બીજા લોકો જોઈ શકે એને બાહ્ય તપ અને જે તપ બીજા લોકો જોઈ શકતા નથી એને આભ્યંતર તપ કહે છે. બાહ્ય તપના છ પ્રકાર છે : (૧) અનશન, (૨) ઉનોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ, (૬) સંલીનતા. આભ્યંતર તપના પણ છે પ્રકાર બતાવવામાં આવ્યા છે અને એ છે : (૧) પ્રાયશ્ચિત, (૨) ધ્યાન, (૩) વૈયાવૃત્ય, (૪) વિનય, (૫) વ્યુસર્ગ એટલે કે ત્યાગ કરવો અને (૬) સ્વાધ્યાય.

બાહ્ય તપના છ પ્રકારોમાં અનશનમાં એક ઉપવાસથી છ મહિનાના ઉપવાસ સુધીના તપને અનશન તપ કહે છે. આયંબિલ વગેરે તપનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. ભૂખ કરતાં આછું ખાવું એ ઉણોદરી તપ છે. વૃત્તિસંક્ષેપ તપનો સાધુ-સાધ્વીઓ માટે અર્થ છે. ભિક્ષાનો સંક્ષેપ. એટલે કે ગૃહસ્થોનાં ઘરોમાંથી પરિમિત ભિક્ષા ગ્રહણ કરવી. બીજો અર્થ છે ખાવાની વસ્તુઓની સંખ્યાનું નિયંત્રણ કરવું. રસત્યાગના તપમાં દૂધ, દહી, ગોળ, ઘી આદિ વસ્તુઓનો ત્યાગ કરવો. કાયક્લેશ તપમાં કાયોત્સર્ગ ધ્યાને ઉભા રહેવું. સંલીનતા તપના ઈન્દ્રિય સંલીનતા અને નોઈન્દ્રિય સંલીનતા એમ બે પ્રકાર છે. શબ્દ, રૂપ, ગંધ અને સ્પર્શના વિષયોમાં જતી ઈન્દ્રિયોને રોકે એનું નામ ઈન્દ્રિય સંલીનતા. મનમાં જ્યારે ક્રોધ, માન, લોભ હોય ત્યારે એ મન સંલીન નથી હોતું. એને નોઈન્દ્રિય સંલીનતા કહે છે. છ પ્રકારના આભ્યંતર તપમાં પ્રાયશ્ચિત તપમાં ચિત્તશુદ્ધિ પર ભાર મુકાયો છે. ગુરૂદેવનાં ચરણોમાં પોતાના પાપોની આલોચન કરવી અને એ સાંભળીને ગુરૂદેવ જે પ્રાયશ્ચિત આપે એનું પાલન કરવું એ પ્રાયશ્ચિત તપ છે. ધ્યાનતપમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો એને ધ્યાનતપ કહે છે. વૈયાવૃત્ય તપમાં સાધુજનોની ખૂબજ વિનયથી વૈયાવચ્ચ સેવા કરવી એવી રીતે ગૃહસ્થો પણ માતા-પિતા, વડીલોની સેવા કરે એ વૈયાવૃત્ય તપ કહે છે. વ્યુત્સર્ગ એટલે ત્યાગ કરવો. આ તપમાં મિથ્યાદર્શન, કષાયો, કાયાની માયા વગેરેનો ત્યાગ કરવાનો છે. સ્વાધ્યાય તપમાં વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એ છ પ્રકારનાં તપનો અમલ કરવાનો છે. નવ દિવસની આ આંયબિલની ઓળી ઉપરાંત વર્ધમાન તપની ઓળીનો પણ પ્રારંભ કરી શકાય. એમાં એક આયંબિલ, એક ઉપવાસ, એ ક્રમેસળંગ વીસ દિવસની આરાધના અને એ પછી એકસો કે એથી વધુ આયંબિલની ઓળી સુધી પહોંચી શકાય. આરાધકોએ પ્રયત્ન કરવા જોઈએ. તેમજ આગામી ચૈત્ર માસની શાશ્વતી નવપદજીની આયંબીલ ઓળીનો લાભ શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ ખીમચંદ શાહ (ખેરવા - દાદર - મુંબઈ) હ.: શ્રીમતી શ્વેતા રૂપેશભાઈ શાહ, સ્વ. પરાગભાઈના સ્મૃતિરૂપે શ્રીમતી સીલ્વીબેન પરાગભાઈ શાહ સહ પરિવારે લાભ લઈ પ્રેરણા આપેલ છે કે આવા તપશ્ચર્યાના સુકૃતના શાસના કાર્યમાં શાશ્વત તીર્થ કરાવવાથી ઉત્તમોત્તમ ફળ પ્રાપ્તી થાય છે. ધારણા કરતા ફોર્મ વધારે આવેલ છે. હવે કોઈને પ્રવેશ મળશે નહી. ક્ષમા યાચના અને શાહ પરિવારની ભૂરી-ભૂરી અનુમોદના.

**મોબાઈલમાં સાચવી રાખવા જેવું**

**CENTRALISED NUMBERS REALEASED BY THE INDIAN RAILWAYS FOR SENIOR CITIZENS CONVENIENCE!!**

| | |
|---|---|
| TTI, Reservation & Meals | 9760534983 |
| Cleaning | 9760500000 |
| Problem in Coach | 9760534057 |
| Electricity Problems | 9760534060 |
| Enquiry Problems | 9920142157 |
| RPF & Security | 9760534063 |
| Drinking Water Arrangements | 9760534069 |
| Medical | 9760534073 |

**Please Post to as Many as Possible**

### અનુમોદના

શ્રી વર્ધમાનપુરી (વઢવાણ) શ્રી આધિપત્ય જીનાલયની ૨૫૧મી સાલગીરી નિમિત્તે માતુશ્રી સુભદ્રાબેન ત્રંબકલાલ શાહ પરિવાર (યુનીક જ્વેલર્સ) તરફથી શ્રી વઢવાણ પાંજરાપોળને ૫૨૫૧/- જીવદયા ખાતે આપેલ છે. પરિવારની ભૂરી-ભૂરી અનુમોદના

## શું તમે જાણો છો?

- ❖ જ્યારે પણ રેલ્વેની રીઝર્વેશન ટિકીટ ખરીદો ત્યારે નોમીની દર્શાવવાનું ભૂલશો નહિં.
- ❖ નોમીની નહિ તો વીમાનો લાભ નહિં.
- ❖ રીઝર્વેશન ધરાવતા રેલયાત્રી તરીકે તમો ૧૦,૦૦,૦૦૦ ના અકસ્માત વીમાના હક્કદાર છો. રેલ્વેની ટિકીટની કિંમતમાં તમારા વીમાનું પ્રિમિયમ વસુલવામાં આવે છે.
- ❖ રીઝર્વેશન ટિકીટ ખરીદતી વખતે નોમીની દર્શાવી આપના પરિવારને સંભવિત અકસ્માત નુકશાન સામે સુરક્ષિત કરો.
- ❖ રેલયાત્રી ગ્રાહકોની લાપરવાહીથી લાખો કરોડોનો લાભ મેળવવામાં વીમા કંપની ફાવી જાય છે.
- ❖ તાજેતરમાં ઓડીસા ટ્રેન દુર્ઘટનામાં નોમીનેશનના અભાવે ઘણા પરિવારો વીમાના લાભથી વંચિત રહી ગયા

**બહુજ ઉપયોગી વાત પરિવાર અને સ્વજનોને પણ જાણ કરી શકાય**

### અનુમોદના

વઢવાણ નિવાસી હાલ સાયન સ્વ. શ્રી રસીકભાઈ મણીલાલ દોશીના આત્મશ્રેયાર્થે કેળવણી - ૧૫૦૦/- તબીબી - ૧૫૦૦/- સાધર્મિક - ૧૫૦૦/- જીવદયા - ૧૫૦૦/- પત્રિકા - ૧૦૦૦/- તપશ્ચર્યા - ૧૦૦૦/- સમૂહલગ્ન - ૧૦૦૦/- યાત્રિક ભવન - ૧૦૦૦/- ભોજનશાળા - ૧૦૦૦/- કુલ મળીને રૂા.૧૧૦૦૦/- શ્રી સંઘને ભેટ આપેલ છે.

### સુધારો

ગત માસ ફેબ્રુઆરી-૨૪નાં અંકમાં પાના નં.૧૩ પર શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતીલાલ શાહ મૂળી નિવાસી હાલ-માટુંગા, મુંબઈના અહેવાલમાં યાત્રિક ભવનના રિનોવેશનમાં લાભ લીધેલ છે જે ભૂલથી છપાયેલ છે. આ પરિવારે અંધેરી ઈસ્ટ ખાતે નવી ઓફીસ માટે રૂા.૫ લાખનું આર્થિક યોગદાન આપી લાભ લઈ. શ્રી સંઘના સુકૃતના કાર્યમાં લાભ લીધેલ છે. તેમના પરિવારના આભાર સાથે પરિવારની ભૂરી-ભૂરી અનુમોદના કરીએ છીએ. ભૂલ માટે દિલગીરી સાથે ક્ષમા માંગીએ છીએ. **- તંત્રી શ્રી**


BHARAT SHAH | JIGAR SHAH

Jigar
real estate agent

Shop No-1, Snehal CHS,
Carter Road No-5
Borivali (East) Mumbai-400066
80822 01002 / 93243 80707
75068 55376
jigar.realestate@gmail.com

Stamp Duty, Registration, Consultant, Sales & Purchases of Flat, Shop, Plot & Office, Leave Licence & more


## મેડીક્લેમ પોલિસી

આપણા ઝાલાવાડી પરિવારને ખાસ વિનંતી કરવાની કે તેઓએ પોતાના પરિવારની દરેક વ્યક્તિની મેડીક્લેઈમ પોલીસી લઈ લેવી જોઈએ. **જરૂરિયાતવાળા ઝાલાવાડી પરિવારને વીમા પ્રીમિયમમાં ઝાલાવાડ ફાઉન્ડેશન તરફથી નિયમાનુસાર સહાય કરવામાં આવે છે.** પરિવારના જે સભ્યો મેડીક્લેમ પોલિસી માટે એલીજીબલ છે તે દરેકની પોલીસી લેવી અતિ આવશ્યક છે.

આપ સૌ જાણો છો કે પરિવારમાં ક્યારે પણ નાની-મોટી બિમારી આવે ત્યારે આ મેડીક્લેમ પોલીસી સહાયભૂત બની રહે છે. મેડીકલ ખરચાઓ ઘણા વધી ગયા છે. હવે પછી જરૂરિયાતવાળા પરિવારમાં જેઓની મેડીક્લેમ પોલીસી લઈ શકાતી હોય તે દરેક સભ્યની પોલિસી નહી લીધી હોય તો ફાઉન્ડેશન તરફથી તેઓને તબીબી સહાય આપી શકાશે નહિ. ફરીથી પુનરાવર્તન કરીએ છીએ કે જો નિયમાનુસાર મેડિક્લેમ પોલિસી લીધી નહિ હોય તો ફાઉન્ડેશન તેવા કેસમાં તબીબી સહાય મંજુર નહી કરે.

**''આપની મેડીક્લેમ પોલિસી આજે જ કરાવી લો''**

# ભગવાન પાર્શ્વનાથ ના હયાતીમાં બનેલી જિનપ્રતિમા એટલે શ્રી જીરાવલા પાર્શ્વનાથ !

જય હો જીરાવલા પાર્શ્વનાથ નો !!

જેનાં દર્શન કરીએ અને જીવન ધન્ય થઈ જાય તેવી જિનપ્રતિમાં જીરાવલા નામના ગામમાં બિરાજમાન છે.

સૌ તેને જીરાવલા પાર્શ્વનાથ ના નામે ઓળખે છે.

સેંકડો વર્ષો પહેલાંની વાત છે.

જીરાવલા ગામની નજીક આવેલા વરમણ ગામમાં એક એવી ઘટના બની જેણે પોતાનો સુવર્ણ ઇતિહાસ ખડો કરી દીધોઃ એક વયોવૃધ્ધ સ્ત્રી વરમાણ ગામમાં રહે. તેની એક ગાય. એ સ્ત્રી ગાયને લઈને રોજ જંગલમાં ચરાવવા જાય. એકદા એણે જોયું કે ગાય એક વૃક્ષ તળે ઊભી રહે છે. દૂધ સ્વયં ઝરી જાય છે. ધરતી પર અભિષેક થઈ જાય છે.

ડોશીમાં ચમક્યાં .

બીજા દિવસે એ સ્ત્રીએ ધ્યાન રાખ્યું. ગાયે એ દિવસે પણ એમ જ કર્યું.

આમ રોજ થતું હતુ.

વરમાણમાં એક શેઠ રહે. નામે ઘાંઘલ શેઠ. ધર્મે જૈન અને પાક્કા વહેપારી. રાતના સમયે શેઠને સ્વપ્નમાં કોઈ શાસનદેવે આવીને ઘાંઘલ શેઠને કહ્યું,

'આજથી ૨૮૦૦ વર્ષ પહેલાં જ્યારે પાશ્વેનાથ ભગવાન જીવંત હતા. ત્યારની વાત છે. તે સમયે ચંદ્રયશ નામના રાજાએ પાશ્વેનાથ ભગવાનની મૂર્તિ બનાવી. એ મૂર્તિ ખૂબ પ્રભાવશાળી છે. વરમાણની બહાર વૃક્ષતળે દટાયેલી છે. એ પ્રતિમા પર એક ગાય ભક્તિથી રોજ દૂધનો અભિષેક કરે છે. એ તેની નિશાની છે. તો એ પ્રતિમા બહાર કાઢ અને જિનમંદિર બનાવીને સ્થાપિત કર.'

સવારનો સૂર્યોદય થયો.

ઘાંઘલ શેઠ સ્વપ્ન યાદ રાખીને ગામની બહાર દોડયા.

જોયું તો એક ગામ વૃક્ષતળે ઊભી છે. તેના આંચળમાંથી દૂધનો સ્વયં અભિષેક ધરતી પર થઈ રહ્યો છે.

ઘાંઘલ શેઠને સ્વપ્નની વાતમાં તથ્ય લાગ્યું.

ઘાંઘલ શેઠે જૈનોને ભેગા કર્યાં. પોતાને આવેલા સ્વપ્નની વાત કહી. સૌનો સહકાર મેળવીને જમીન ખોદવામાં આવી સૌના આશ્ચર્ય વચ્ચે ઝગમગતા તારલાનું રૂપ લઈને ઘડી હોય તેવી પાર્શ્વનાથ ભગવાનની સુંદર પ્રતિમા મળી.

ચારે કોર હર્ષ છવાઈ ગયો.

સૌએ જ્યનાદ કર્યો.

ઘાંઘલ શેઠે પ્રતિમાઝી વરમાણ ગામમાં લઈ જવાની તૈયારી કરવા માંડી તે સમયે જીરાવલા ગામના જૈન આગેવાનો વચવામાં પડયાં. તેમણે કહ્યું કે પ્રતિમા અમારા ગામની હદમાં પ્રગટ થઈ છે, માટે તેનો હક્ક અમારો છે !

તે સમયે એક ડાહ્યા માણસે સમાધાન કરતાં કહ્યું કે એક ગાડું મંગાવો. તેમાં એક બળદ વરમાણનો જોડો, બીજો બળદ જીરાવલાનો જોડો. અને ગાડું જે દિશામાં જાય ત્યાં ભગવાનને લઈ જાવ.

એમ જ થયું.

ગાડું જીરાવલાની દિશામાં ચાલ્યું. પર્વતની તળેટીમાં ઊભું રહી ગયું.

ઘાંઘલ શેઠે કહ્યું.' પ્રભુની આ ઇચ્છા મને કબૂલ છે. અહીં જિનમંદિર બનાવીએ. પ્રભુને અહીં સ્થાપીએ. હું પણ મારા પરિવાર સાથે અહીં જ રહીશ અને જીવનભર પ્રભુની સેવા કરીશ.'

ઘાંઘલ શેઠે ભવ્ય જિનમંદિર ખડું કર્યું. વિ.સં. ૧૧૯૧નું તે વર્ષ.. ઘાંઘલ શેઠે તે સમયના પ્રસિધ્ધ જૈનાચાર્ય શ્રી અજિતદેવસૂરીશ્વર ના વરદ હસતે પ્રતિષ્ઠા કરાવી.

અજિતદેવસૂરિજીએ કહ્યું,'પ્રભુ જ્યારે જીવંત હતા ત્યારે આ પ્રતિમાનું નિર્માણ થયું છે. આ પ્રતિમા અને આ તીર્થ ખૂબ પ્રભાવશાળી છે. હવે તેનો મહિમા ચારેકોર ખૂબ ફેલાશે. હવે જે કોઈ જિનમંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવશે ત્યારે જીરાલાલ પાર્શ્વનાથ ભગવાનનો રક્ષામંત્ર લખીને જ પ્રતિષ્ઠા થશે.'

જીરાવલા પાર્શ્વનાથ નો ખૂબ મહિમા ફેલાયો. અસંખ્ય લોકો દર્શનાર્થે આવવા માંડયા. આજ સુધી સમગ્ર વિશ્વમાં જ્યાં પણ જિનમંદિરની સ્થાપના થાય છે ત્યાં જીરાવલા પાર્શ્વનાથ રક્ષામંત્ર લખવામાં આવે છે.

કાળની ગતિ ભારે વિચિત્ર છે. સમયની અનેક થપાટો ખાતું જીરાવલા પોતાના અખંડ પ્રભાવ સાથે ટકી રહ્યું છે. જિનમંદિરના અનેક જીર્ણોધ્ધાર થયા. છેલ્લો જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠા પૂજ્ય હિમાચલસૂરિજી મહારાજે આજથી ૫૫ વર્ષ પહેલાં કરાવ્યા.

ભગવાન શ્રી પાર્શ્વનાથનો મહિમા અચિંત્ય છે.

જે શ્રી પાર્શ્વનાથ પ્રભુ નું નામ લે છે.

તે ભવસંસાર તરી જાય છે.


જન્મદિવસની શુભેચ્છા



ભરતભાઈ નેમીચંદ
કુવાડીયા
૨૧ માર્ચ
૯૮૨૧૬૫૫૯૪૩



શ્રી મુગટલાલ
માણેકલાલ શાહ
૨ એપ્રીલ
૯૮૩૩૧૦૦૯૮૦



શ્રી કાંતીલાલ જીવરાજ
માથુકીયા
૩ એપ્રીલ
૯૮૬૯૦૧૫૨૭૦



શ્રી પ્રકાશભાઈ
રસીકલાલ શાહ
૧૦ એપ્રીલ
૯૮૨૦૬૬૭૮૯૦

## INDIA ELECTRIC CORPORATION

Email: indiaelectriccorporation@gmail.com

Distributor of : VGYAAN

**Interactive Panel**

HT Series - [IFP Board]



Size: 65" | 75" | 85" | 98"

• Dual OS • High Efficient Video Content • Split Screen
• 4K Resolution • Screen Mirroring • Interactive Presentation



Classroom DESK
(Single / Double / Triple Seater)

Podium
Audio / Metallic Digital



## KUNJIS Solutions

Resolve to Evolve

Email: kunjissolutions@gmail.com

Graphic Designing :
Logos / Brochures / Pamphlets / Invitations
Automation Web Development
Software Development

Specialized in ID Card Development

KANDIVALI Office :
#7, Gr Flr, Shanti Nivas, C P Road, Kandivali East, Mumbai - 400 101. BHARAT
Tel.: +91-22-4825 6418 - Mbl: +91 93210 38806

## SALONI INVESTMENTS

Plan-Invest-Grow

Email: saloniinvestments@gmail.com

Financial solutions under one roof

OUR SERVICES: Tax / Insurance / Financial Planning
Corpus Creation Wealth Management

OUR PRODUCTS: Bonds Fixed Deposit Mutual Fund Property Investment
Insurance : Health | Life | General

Insurance → Health: ManipalCigna, care, TATA AIG, ICICI Lombard
General: TATA AIG, ICICI Lombard
Life: AVIVA, HDFC Life, TATA AIA, LIC, BAJAJ Allianz

Property Investment: LODHA PREFFERED PARTNER

Bonds: Corporate NCDs, Government Securities

Fixed Deposits: BAJAJ FINSERV, pnb Housing, SHRIRAM

Mutual Funds Sahi Hai: CANARA ROBECO Mutual Fund, Invesco Mutual Fund, kotak Mutual Fund, TATA MUTUAL FUND, MIRAE ASSET, PPFAS MUTUAL FUND, mahindra MUTUAL FUND

## ELECTRICAL TRADERS (ESTD 1958)

Dealers - Distributors - Marketing Consultant

Automations | Instrumentations | Electricals | Electronics

HEAD Office :
#4, Gr Flr, 38/42, Popatwadi, Kalbadevi Road, Marine Lines East, Mumbai - 400 002. BHARAT
Tel.: +91-22-2208 4940 / 4976 3049



|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||

## ગાય અને ભેંસનું શુદ્ધ ઘી



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર

એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ

હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ





કૃણાલ: ૭૨૨૧૦૭૨૧૦૭



જય બહુરાજ | મો.: ૯૮૨૦૨ ૮૪૧૧૫
શ્રી કમળમાતાય નમઃ | ૯૯૮૭૫ ૮૪૧૧૫

## શાસ્ત્રી રવીભાઈ જી. જોષી



ઝાલાવાડના ગોર

વાસ્તુ-નવચંડી-ગ્રહશાંતિ-હવન-કાલસર્પ પૂજા તથા નારાયણબલી સત્યનારાયણ પૂજા, રાંદલ પૂજા, જૈન લગ્નવિધી પ્રમાણે તથા જન્મકુંડલી, ધાર્મિક વિધીઓ વગેરે

એ/૩૦૨, બી/૪૦૨, સુશીલ કો.ઓ.હા.સો.લિ., શિતલ નગર, ચિલ્ડ્રન્સ એકેડમી સ્કુલની સામે, અશોક ચકવર્તી ક્રૉસ રોડ, દામોદરવાડી પાસે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.


## શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ

ઝાલાવાડી સમાજ પરિવારના સંતાનોને હાયર એજ્યુકેશન - માસ્ટર્સ ડીગ્રી કોર્સ જેમ કે M.S., M.B.A., M.Com., M.Sc., C.A., ભારત માં કે USA / UK માં કરવાની ઈચ્છા હોય તો આપણાં ટ્રસ્ટ દ્વારા નાણાકીય લોન દ્વારા સહાય કરવામાં આવે છે.

**Website : www.zalawadglobaleducation.org**

અથવા

**કિરણભાઈ શાહ - ૯૮૨૧૦૫૨૭૦૫**

(સાંજના ૫ થી ૭ દરમ્યાન જ) સંપર્ક કરશો.

### દબાણકર્તાઓને કોઈપણ રાહત આપવાનો હાઈકોર્ટનો સાફ ઈન્કાર

# શેત્રુંજય તીર્થસ્થાનની તળેટી પર દબાણ કરનારાઓની રિટ હાઈકોર્ટે ફગાવી દીધી

## વિવાદીત જમીન એ સરકારી જમીન છે અને તેની પર કબ્જો ધરાવવા અરજદારો અધિકારી કે હકદાર નથી : હાઈકોર્ટ

પાલીતાણાના શેત્રુંજય ડુંગર અને જય તળેટીની બાજુમાં સરકારી જમીન પર ગેરકાયદે દબાણ કરનાર તત્વો વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ભાવનગર કલેકટોરેટ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીને પડકારતી મનાભાઈ રાઠોડ અને ધર્મેશભાઈ રાઠોડ તરફથી કરાયેલી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટે પરાર ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂધ્ધા માયીની ખંડપીઠે દબાણકર્તાઓને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.

હાઈકોર્ટે પોતાના હુકમમાં સ્પષ્ટપણે કરાવ્યું હતું કે, આ જમીન સરકારી જમીન છે અને તેની પર કબ્જો ધરાવવા માટે અરજદારો કોઈપણ રીતે અધિકારી (હકદાર) બનતા નથી. અરજદારોની અરજી મેરિટ વિનાની અને ટકવાપાત્ર ના હોઈ ફગાવી દેવામાં આવે છે. પાલીતાણાના શેત્રુંજય ડુંગર હેઠળ અને જય તળેટીની બાજુમાં આવેલ સરકારી સર્વે નંબર-૪૯૩ની આશરે ૧૧૦૦ ચો.મી. જમીન કે જેની કિંમત લગભગ રૂા.૧.૨૦ કરોડ થાય છે તે જમીન પર ગેરકાયદે રીતે પાકુ મકાન બનાવી દઈ અને અન્ય દબાણ કર્યુ હોવા છતાં સ્થાનિક સત્તાવાળાઓ કોઈ જ કાર્યવાહી નહીં થતાં અમદાવાદના જૈન શ્રાવક વિરેશ ફુલચંદભાઈ શેઠે ભાવનગર કલેક્ટર કચેરીમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ (પ્રતિબંધ) કાયદો-૨૦૨૦ હેઠળ તમામ ફોટોગ્રાફ્સ, ગુગલ અર્થ નકશા, ડીઆઈએલઆર રેકર્ડ સહિતની ગંભીર ફરિયાદ કરી હતી. જેની તપાસમાં પાલિતાણા મામલતદાર દ્વારા ઉપરોક્ત શખ્સો દ્વારા આ પ્રકારનું ગેરકાયદે દબાણ કરાયું હોવાનો અહેવાલ આપ્યો હતો. જેથી સત્તાવાળાઓ દ્વારા મનાભાઈ રાઠોડને નોટિસ આપી ખુલાસો માગ્યો હતો.

જેની સામે તેઓએ હાઈકોર્ટમાં ખાસ ફોજદારી અરજી દાખલ કરી આ કાર્યવાહીને પડકારી હતી. જોકે, અરજદારોની અરજીનો વિરોધ કરતાં જૈન શ્રાવક વિરેશ શેઠ તરફથી એડવોકેટ હાઈકોર્ટનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, તેમનો આ જમીનમાં કોઈ હક્ક-હિસ્સો નથી પરંતુ તેઓ અવારનવાર શેત્રુંજય તીર્થસ્થાન ખાતે દર્શનાર્થે જાય છે અને ત્યાં શ્રધ્ધાળુઓ માટે સેવાકાર્ય પર કરતા હોય છે. સમગ્ર જૈન સમાજ માટે શેત્રુંજય મંદિર પવિત્ર તીર્થસ્થાન છે અને તેથી જૈનોની ધાર્મિક આસ્થા પણ તેની સાથે જોડાયેલી છે. શેત્રુંજય તીર્થસ્થાનની મુલાકાત દરમ્યાન અરજદારોની આ ગેરકાયદે દબાણની પ્રવૃત્તિ તેમના ધ્યાનમાં આવતાં એક જાગૃત નાગરિક તરીકે તેમણે સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદ કરી હતી.

વિવાદીત જમીન સરકારી જમીન છે અને તેની પર અરજદારોએ ગેરકાયદે રીતે અનઅધિકૃત દબાણ સરકારી જગ્યામાં કર્યું છે. લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ તેઓની વિરૂધ્ધ કાર્યવાહી કરવી જરૂરી બને છે. દરમ્યાન હાઈકોર્ટે અરજદાર પક્ષને પૃચ્છા કરી હતી કે, આ વિવાદીત જગ્યા પર તમારા કઈ રીતે અધિકાર બને છે. જો કે, હાઈકોર્ટની આ પૃચ્છાનો અરજદારો પાસે કોઈ જ સંતોષજનક ખુલાસો કે જવાબ ન હતો. તે બાબત પણ હાઈકોર્ટે પોતાના હુકમમાં નોંધી હતી અને અરજદારોની રિટ અરજી ફગાવી દીધી હતી.

**-ગુજરાત સમાચારમાંથી સાભાર**

૭ રાત્રી - ૮ દિવસ - ૪* હોટલો

# નેપાળ

સ્વીટ્ઝરલેન્ડ ની આબોહવા,
આફ્રિકાની જંગલ સફારી અને
લાસ વેગાસ ના કેસીનો નો રોમાંચ.
કાઠમંડુ - ચિત્તવન અને પોખરા.
ભરપૂર સાઈટસીઈંગ, શુદ્ધ શાકાહારી ભોજન.

અમારી અન્ય ટુરો - દુબઈ - અબુધાબી,
બેંકોક - પટાયા, સીંગાપુર, સાથે - સિવાય ક્રુઝ,
માલદીવ્સ, બાલી, મોરેશિયસ, શ્રીલંકા

શરદ મણીયાર

Since : 1982

Jaagruti Tours

Follow us on

Reliable, Responsible, Reasonable

8830341383 / 9820129177

# Manish Shah-Visa Consultant

**9773781982 - 9833462439**

E.MAIL. TRAVALUE.IN@GMAIL.COM - WWW.TVCS.IN
SHOP.NO.5, ANUBHAV BUILDING,ZAVER ROAD,
MULUND WEST,MUMBAI 400080

**નવા વિઝા તથા જૂના વિઝા રીન્યુ* કરવા**
**સંપુર્ણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં સેવા.**

આ મેસેજ ને તમારા સર્વે ગ્રુપ માં શેર કરો જેથી કરીને જેમને પણ અમેરિકા વિઝા માટે અરજી કરવી હોય તો અમને સેવા આપવાનો મોકો મળે.

## U.S.A. VISA - અમેરિકા વિઝા

| TOURIST | BUSINESS | STUDENT |
|---|---|---|
| FAMILY | MEETING | WORK |
| VISIT | CONFERENCE | ALL |
| MEDICAL | SEMINAR | DEPENDANT |
| | EXHIBITION | |

૨૫ વરસ નો અનુભવ. ૭૫% થી વધારે કેસ માં સફળતા.



વિઝા માટેની સંપૂર્ણ સેવા, સાચી સલાહ.

# ANANT ENTERPRISES

Office : G-1, Neo Corporate Plaza, Kach Pada,
Opp. Kapol Banquet Hall, Malad (W), Mumbai - 400064.
Tel.: 28824783/28442368 Email : anantenterprises3@gmail.com

**: Authorised Agent :**

***Greatwhite* Electricals**

**PETRA, FIANA & MYRAH MODULARS**

**WIRES & CABLES, MCB'S, LIGHTING & LED PANELS**
**PVC TAPE, CONDUITE PIPES & CEILING FANS**

**AJIT M. SHAH** **SAMIR A. SHAH**


GIRISH SHAH

LILY™ TEA COMPANY

**WHOLESALE & RETAIL MERCHANT OF TEA, COFFEE AND MILK POWDER**

Lily Apartment, Parsi Agiyari Lane,
Tembi Naka,
Thane (W) 400 601.
Mobile : 98202 32292
Email : girishlily@yahoo.com

**Bharat Vora** Tel. : 2887 5089 Resi. : 2884 11 66



**VORA ESTATE AGENT**

**• OFFICE • SHOPS • FLATS**
**• RENTALS • INDUSTRIAL GALA**

Shop No. 3, Sushila Smruti, Opp. Ruby Products, Ashok Chakravarti Road,
Plot A, Kandivali (E), Mumbai - 400 101.
M.: 9322916069 / 9773360356

**Vinubhai Shantilal Mehta**

**SHANTILAL & SONS**

**HARDWARE MERCHANTS**

90, Sarang Street, 1st Floor,
Mumbai - 400 003.
**Tel. (O) : 2342 1045, 2341 3195**
**(R) : 2882 2309, 2881 1310**
**(M) : 98213 40074**

**Late Anopchand M.Kothari**

**M/S. KIRTI STEEL INDUSTRIES**
**M/S. KIRTI TRADING CORPO.**
**M/S. KUNAL FASTNER HOUSE L.L.P**

Off. No. : 23446121/66595864
23410066/23112066
23112935/0250 3214798
Fax No. : 23423575
Kirti Mob. : 9821055592

***Manufacturers & Engineers :***

**S.S. Bolts, Nuts,S.S. Coach Screw,Wood Screw & Fastners,**

**Office :** 155, Narayan Dhuru Street, Ground Floor, Mumbai-400 003
**Sales Office :** 102, Narayan Dhuru Street, Gr., Flr., Mumbai-400 003
**Sales Depo :** 12, Shive Shambhu Ind. Estate, B/H. Nidhi Estate, Near Burmashell Petrol Pump, Waliv, Vasai (East),Thane-401208

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી ઘટાકર્ણ મહાવિરાય નમઃ ॥

# ભાવભીની શ્રદ્ધાંજલી

## શ્રી ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવસી જૈન

### ચુડા નિવાસી હાલ વરલી, મુંબઇ.









સ્વ.હીરાબેન નાગરદાસ કોઠારી ના સુપુત્ર

## શ્રી રસિકલાલ નાગરદાસ કોઠારી

તા.૧૭/૨/૨૦૨૪, શનિવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.
તે સુશીલાબેન ના પતિ તથા મેહુલ, દેવાંગ, ખ્યાતી ક્શિોર રાજપાલ ના પિતાશ્રી,
પરેશ બાબુભાઇ કોઠારી ના કાકા. સેજલ, નેહા ના સસરાજી તથા સંકેત, સિધ્ધ અને અનયસા ના દાદાજી,
પર્વ અને ક્રીસાંગ ના નાનાજી. સ્વ.રંજનબેન ભાઇલાલ શાહ, હંસાબેન વિનુભાઇ કોઠારી,
લલિત કોઠારી, અભય કોઠારી, કોકીલા અતુલ શાહ ના ભાઇ. સ્વ.લાભુબેન દલપતભાઇ વાડીલાલ શાહ ના જમાઇ.
સ્વ. રંજનબેન ભોગીલાલ ડગલી, વિનોદભાઇ શાહ અને કિશોરભાઇ શાહ ના બનેવી.

**સબંધિત સંસ્થાઓ :**

- ઘટાકર્ણ મહાવીર અસ્થા મંડળ - મેનેજિંગ ટ્રસ્ટી
- અતિથિ ભવન મહુડી - મેનેજિંગ ટ્રસ્ટી
- ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - ટ્રસ્ટી
- નમિનાથ જૈન દેરાસર, પાયધોની - ટ્રસ્ટી
- જેજેસી સેન્ટ્રલ બોર્ડ - ચેરીટેબલ ટ્રસ્ટ - ટ્રસ્ટી
- પૂનમ જૈન સંઘ - વરલી - ટ્રસ્ટી
- માનવ જાગૃત ચેરીટેબલ ટ્રસ્ટ - ટ્રસ્ટી
- જૈન જાગૃતિ સેન્ટર પેડર રોડ ગ્રુપ - ફાઉન્ડર પ્રમુખ

ફર્મ - એમ. દેવાંગ કન્સ્ટ્રક્શન, તાડદેવ, મુંબઇ.

સદ્ગતના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન સંઘને સાધર્મિક ભક્તિ રૂા.૨૧૦૦/-, કેળવણી રૂા.૨૧૦૦/-, પત્રિકાને રૂા.૨૧૦૦/-, સમૂહ લગ્ન રૂા.૨૧૦૦/-, તબીબી રૂા.૨૧૦૦/-, તપશ્ચર્યા રૂા.૨૧૦૦/-, જીવદયા ખાતે રૂા.૨૧૦૦/- કુલ રૂા.૧૪૭૦૦/- ભેટ મળેલ છે.

# KALPAK TUSHAR SHAH
*Chartered Accountant*



## Personal Details
Date of Birth: 23.09.1997
Time: 12:55pm
Place of Birth: Mumbai
Height: 5'9"
Diet: Jain

## Residential Address
C- 704, Neelkanth Enclave, LBS Marg, Ghatkopar West, Mumbai, Maharashtra 400086

## Education
- Bachelors in Commerce
  SIES College, Mumbai
- Chartered Accountant

## Occupation
Working with Citi Bank, Mumbai

## Caste/ Native
Caste: Zalawadi Visha Deravasi Jain
Native: Dholera, Gujarat

## Hobies
-Travelling and exploring new places
-Watching and Playing Cricket
-Dancing

## Contact
9969328560
kalpakshah23@gmail.com

## Family

**Grandfather:** Late Shri Vinodchandra Babulal Shah
**Grandmother:** Jyotiben Vinochandra Shah
**Uncle:** CA Darshan Shah
**Contact:** 8104999318

**Father:** CMA Tushar Shah
Working with JSW Steel ltd
Contact: 9224155599

**Mother:** Rupal Tushar Shah
Homemaker
Contact: 9322725549

## Mosal

Chandrakant Hiralal Shah
Late Shrimati Mrudula Chandrakant Shah
(Andheri Mumbai)

## શાહ પરિવારનું ગૌરવ

પ્રારબ્ધને ગાંઠે કોણ હું, પડકાર ઝીલનારો માણસ છું....
તેજ ઉછીનું લઉં નહીં, હું જાતે બળનું ફાનસ છું....



## ચિ.પારસ

*(Gold Medalist in MBA -2023)*

ઉપરોક્ત શબ્દોને સાકાર કરનાર એવા જીજ્ઞાબેન રાજીવ શાહના સુપુત્ર મુળવતન સુરેન્દ્રનગર હાલ કાંદિવલી નિવાસી ચિ.પારસની ભણતર પ્રત્યેની તીવ્ર રૂચી બાળપણથી છે.

એચ.એસ.સી. સુધી ઝળહળતા ગુણાંકે ઉત્તીર્ણ થયા અને મેડીકલ એન્જીનીયરમાં ઉચ્ચ ગુણાંકે પાસ કરી એમ.બી.એ. માં ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરી શ્રીમતી કિરણ બેદીના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. જીવનમાં સફળતાના શિખરો સર કરતા રહે તેવી હાર્દિક શુભેચ્છા સાથે સમગ્ર પરિવાર અભિનંદન ની અમીવર્ષા કરે છે.

**શ્રીમતી શોભનાબેન પ્રવિણચંદ્ર શાહ (દાદા-દાદી)**
**શ્રીમતી વસુમતીબેન પ્રભુદાસ શાહ (નાના-નાની)**
**જીજ્ઞાબેન રાજીવ શાહ (માતા-પિતા)**
**મો.: ૯૮૨૧૨૩૭૨૬૨ / ૯૧૩૭૮૩૬૪૪૬**

## ભાવભરી પુષ્પાંજલી



## સ્વ. બીપીનચંદ્ર પ્રાણજીવન દેસાઈ

(ચોટીલા - દાદર) અરિહંત શરણ - મહાવદ-૮

જીવન એવું જીવી ગયા કે પ્રત્યેક ક્ષણ તમારી હાજરીનો અહેસાસ થયા કરે છે. સાથે વિતાવેલ દિવસ જીવનમાં મળેલા માર્ગદર્શન ભૂલાઈ તેમ નથી. પ્રત્યેક ક્ષણ પરમાત્મા આગળ પ્રાર્થના કરૂં છું. આત્મા જ્યાં હોય ત્યાં સદા સુખ શાંતિ અનુભવે...

**એજ લી.**

પુષ્પા પી. દેસાઈ તથા દેસાઈ પરિવાર
બાબરીયા પરિવાર તથા
કૃપાલી ધર્મેશ શાહ - સલોનીની
ભાવભરી શ્રધ્ધાંજલી....

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન સંઘને જીવદયા - ૫૦૧/-, કેળવણી - ૨૦૧/-, સાધર્મિક - ૨૦૧/-, મેડીકલમાં - ૧૦૧/-. કુલ રૂા.૧૦૦૪/- ભેટ મળેલ છે.

## અશ્રુભીની શ્રધ્ધાંજલી



-: જન્મ :-
૧૭-૧૨-૧૯૫૦

-: અરિહંતશરણ :-
૪-૨-૨૦૨૪

### સ્વ. શ્રી દિનેશભાઈ ભાઈચંદ શાહ (ઉ.વ.૭૩)

કારીયાણી નિવાસી - હાલ અંધેરી (પૂર્વ), મુંબઈ

તમારી હયાતીની હૂંફ અમારી તાકાત હતી, તમને થયેલી વેદનામાં પણ તમારું હસતુ મુખ એ અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે. કોઈને સેવાનો અવસર પણ ન આપ્યો. ખૂબ જ સુંદર ધર્મ પામી આપ અચાનક જ ચાલ્યા ગયા. પથદર્શક બની સાથી સંગાથી બની હસતો જીવંત ચહેરો હવે છબી માં જ જોવો પડશે. ખરા હૃદયથી એક જ પ્રાર્થના કે તમારા કુળદિપક ને તમે આપેલા ઉચ્ચ સંસ્કાર ને અમે સાચવી શકીએ. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના....

#### શ્રધ્ધાંજલીના સુમન અર્પણ કરતા

| | |
|---|---|
| ઝવેરીબેન બી. શાહ | નિર્મળાબેન ડી. શાહ |
| નવનીતભાઈ બી. શાહ | મધુબેન એન. શાહ |
| અતુલભાઈ બી. શાહ | મિનાબેન એ. શાહ |

**પુત્ર :** વિરલ દિનેશભાઈ શાહ
**પુત્રી :** હેતલ ચિરાગકુમાર શાહ - દીપાલી જીગરકુમાર શાહ
**દોહીત્ર-દોહીત્રી :** પાર્શ્વ - રિયાંશ - દશવી

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે કેળવણી ખાતે, સાધર્મિક ખાતે, તબીબી ખાતે, જીવદયા ખાતે કુલ રૂા.૧૦૦૧/- શ્રીસંઘને ભેટ મળેલ છે.

## પરમ પૂજ્ય પિતાશ્રીને
## પ્રથમ માસિક પુણ્યતિથિએ
## શ્રદ્ધા સુમન



-: જન્મ :-
૦૭-૦૯-૧૯૩૯

-: અરિહંતશરણ :-
૦૪-૦૧-૨૦૨૪

### સ્વ. જયંતિલાલ શિવલાલ શાહ

(મૂળવતન : હેબતપૂર, હાલ : મલાડ)

પપ્પા! આપની હયાતી અમારી પ્રેરણા હતી આપના આદર્શ અમારા માર્ગદર્શન બનશે.

ન માંગતા બધુ જ આપ્યુ તમે, ન કહેતા બધુજ કર્યુ તમે, અમારામાં પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યુ તમે કદી પિતા સ્વરૂપે, કદી મિત્ર બનીને.

આપનો હાથ હંમેશા અમારી ઉપર છે પપ્પા! સદા આશીર્વાદરૂપે.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અંતરની પ્રાર્થના.

#### શ્રધ્ધાં સુમન અર્પણ કરતા

**માતા-પિતા :** સ્વ.ચંપાબેન શિવલાલ હરખચંદ શાહ (હેબતપૂર)
**સાસુ-સસરા :** સ્વ.ચંપાબેન રતિલાલ ડાહ્યાલાલ માથુકિયા (નંગાળા)
**પત્ની :** સ્વ.વસુમતીબેન જયંતિલાલ શાહ
**પુત્રી-જમાઈ :** નિશા દિનેશ બારભાયા / ચેતના બીના કમલેશ શાહ, ચાર્મી વિશાલ માથુકિયા
**દોહિત્ર-દોહિત્રી :** અક્ષત - મૌનિલ - આયુષી - ક્રિશા

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન સંઘને સાધર્મિક ભક્તિ ખાતે રૂા.૫૦૧, કેળવણી ફંડ ખાતે રૂા.૫૦૧, પત્રિકાને રૂા.૫૦૧, તબીબી સહાય ખાતે રૂા.૫૦૧. કુલ રૂા.૨૦૦૪ ભેટ મળેલ છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ
## શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિકભવન - પાલીતાણા
## ઓગણસમી સાલગીરી પંદરમા વર્ષનો ધ્વજારોહણ કાર્યક્રમ












## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ
